શહેરમાં શીતલહેર : પારો ૯.૫ ડિગ્રી

દિવસ-રાત ફૂંકાતા ઠંડા પવનોના કારણે વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી

ગાંધીનગર, તા. ૨૭

જાન્યુઆરી માસના છેલ્લા દિવસોમાં ઠંડીએ જાણે માઝા મુકી છે. ઠંડા હીમ પવનોથી પાટનગરવાસીઓ રીતસર થર થર ધ્રુજી રહ્યાં છે. પવનોને કારણે વસાહતીઓને ઘરમાં જ પુરાઈ રહેવુ પડે છે. જનજીવન પર ઠંડીની ઘેરી અસર જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં ઠંડીએ પુનઃ જોર પકડ્યુ છે. જાન્યુઆરી માસના છેલ્લા દિવસો આકરા સાબિત થઈ રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના પર્વતીય વિસ્તારોમાંથી સીધા જ ફૂંકાતા ઠંડા પવનો છેક ગુજરાતના ગાંધીનગરને ધ્રુજાવી રહ્યાં છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી સુસવાટા મારતા ઠંડા પવનોથી સૌ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. ઘરની બહાર નીકળવુ હવે મુશ્કેલભર્યુ બની રહ્યું છે. એકાદ બારી પણ જો ખુલ્લી રહી જાય તો ઠંડા પવનો ઘરમાં ઘુસી આવે છે. જેકેટ, સ્વેટર, શાલ જેવા ગરમ વસ્ત્રો સતત ઓઢીને રાખવા પડે છે. દ્વિચક્રી વાહન પર નીકળવુ દુષ્કર બની રહ્યું છે. રાત્રે તો ખૂબ જ ઠંડી લાગે છે, પરંતુ દિવસ દરમ્યાન પણ વાહન પર નીકળવુ મુશ્કેલીભર્યુ બની રહ્યું છે. નાના બાળકો અને વડીલોની હાલત વધુ કફોડી બની છે. જ્યારે ઝુંપટપટ્ટીમાં અને ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓ અપાર મુશ્કેલીઓ અનુભવી રહ્યાં છે. તેઓ આખી રાત તાપણા સળગાવી ઠંડીને દુર રાખવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

તમામ બારી-બારણાં બંધ હોવા છતાં એટલી બધી ઠંડી લાગે છે કે ધાબળા-ગોદડામાંથી બહાર નીકળવાની ઈચ્છા જ થતી નથી. આકરી ઠંડીની જનજીવન પર ઘેરી અને સીધી જ અસર જોવા મળી રહી છે. બજારો સાંજ પડતાં જ સુના થવા માંડે છે. સેક્ટરોના શોપીંગ સેન્ટરો પણ વહેલા બંધ થઈ જાય છે. વેપાર-ધંધાને માઠી અસર થઈ રહી છે. આજે મહત્તમ તાપમાન ૨૩.૮ ડિ.સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે. નોંધાયુ હતુ.

હજુ આગામી બે દિવસ આકરી ઠંડી અને હીમ પવનો જારી રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. શીત લહેરથી હાલ પૂરતો છુટકારો મળે તેવુ લાગતુ નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે ગગડી જવાની સંભાવના છે.

ગ્રામ્ય ગાંધીનગરના અડધાથી વધુ પરિવારોનો પેયજળનો ચોખ્ખો પ્રશ્ન

'સાવચેતી એ જ સલામતી'

ગાંધીનગરના કુલ પરિવારો પૈકી ૪૭ ટકા પરિવારો પીવાનું પાણી અનુપચારિત સ્ત્રોતથી મેળવી રહ્યા છે એમ સેન્સસના આંકડા દર્શાવી રહ્યા છે. નળ દ્વારા ઉપચારિત કરાયેલું પાણી મેળવતા પરિવારોની સંખ્યા ૧ લાખ ૫૧ હજાર જેટલી છે. જેની સામે એક લાખ ૩૬ હજારથી વધુ પરિવારો નળ, કૂવા, હેન્ડપંપ, ટ્યુબવેલ, ઝરણા કે નદી-નહેરમાંથી પીવાનું પાણી મેળવી રહ્યાં છે. જો આંકડાઓની વાત સીધી સમજવી હોય તો એમ સ્પષ્ટ કહી શકાય કે ગાંધીનગરનું ગામડું હોય કે શહેરી વિસ્તાર અડધો અડધ પરિવારોને પીવાનું ચોખ્ખુ પાણી નળ વાટે મળતું નથી. બીજી રીતે એમ કહી શકાય કે ગાંધીનગરમાં દર બીજા પરિવારને પીવાનું ઉપચારિત કરાયેલુ પાણી મળતું નથી.

ઉપરના આંકડા તો ગાંધીનગરના શહેર અને જિલ્લા-ગામડાના સંયુક્ત છે. જો આપણે ગ્રામીણ ગાંધીનગરની વાત કરીએ તો સ્થિતિ વધુ ચિંતાપ્રેરક છે. ગ્રામીણ ગાંધીનગરની પરિસ્થિતિ ચકાસીએ તો જાણવા મળે છે કે કુલ ૧ લાખ ૬૦ હજાર જેટલા ગ્રામીણ પરિવારો પૈકી ૧ લાખ ૩૩૮૮ પરિવારોને પીવાનું ઉપચારિત કરાયેલું પાણી ઉપલબ્ધ થતું નથી. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં આ દૃષ્ટિએ ૬૫ ટકા પરિવારો પાણી તો મેળવે છે, પરંતુ એમને ચોખ્ખુ પાણી કહી શકાય એવી સ્થિતિ નથી. ગાંધીનગરની અડધાથી પણ વધારે વસ્તી ઉપચારિત કરાયેલા પીવાના પાણીથી વંચિત છે એમ સ્પષ્ટ થાય છે.

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર હોય ત્યારે પાટનગરના જિલ્લાના ગામડાઓની સ્થિતિ ચિંતા જન્માવે એવી છે. એક તરફ રાજ્યનો પ્રત્યેક નાગરિક આરોગ્યની દૃષ્ટિએ સક્ષમ બને એવી ભાવના સાથે અનેક આરોગ્ય વિષયક યોજનાઓનું અમલીકરણ સરકારનો આરોગ્ય વિભાગ કરે છે. ગામડે ગામડે આરોગ્ય સેવાઓ પહોંચી છે પરંતુ પાયાનો સવાલ વિચારવામાં આવ્યો નથી એમ કહી શકાય. રોગ કે રોગચાળો અસ્તિત્વમાં આવે પછી એને ડામવા માટેના પગલાં ભરવા એના કરતા રોગચાળાને ડામવો જોઈએ. આરોગ્ય વિભાગ દ્વારા અનેક રીતે સ્વચ્છતા અને સફાઈનું શિક્ષણ આપવામાં આવે છે, જેમકે પાણી ગાળીને પીવું, ઉકાળીને પીવું, હાથ પગ અને મોં ની સ્વચ્છતા જાળવવી વગેરે. પરંતુ જ્યારે પાણી જે અનુપચારિત સ્ત્રોતમાંથી પીવા માટે મેળવવામાં આવતુ હોય ત્યારે સામાન્ય ગ્રામીણ જન માટે આરોગ્ય જાળવણી વિષયક સુચનાઓનું પાલન કરતા હોય તો પણ રોગથી છૂટકારો સંભવ નથી. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ચોમાસા અને ઉનાળામાં પાણીજન્ય રોગોનું પ્રમાણ વધુ ફેલાય છે એનું સીધુ કારણ ઉપચારિત કરાયેલું પાણી ઉપલબ્ધ થતુ નથી એ છે, આ સંજોગોમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગે સંકલન સાધીને પીવાનું ચોખ્ખુ પાણી દરેક પરિવારને ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવું જોઈએ એમ કહીએ તો ખોટું નથી. ગાંધીનગરની કુલ ગ્રામીણ વસ્તીમાંથી દર છ પરિવારને જો ઉપચારિત કરાયેલું પીવાનું પાણી ન મળી શકતું હોય તો ગ્રામીણ ગાંધીનગરની તંદુરસ્તીની જાળવણી કઈ રીતે થઈ શકે ? - આ સવાલ વિચારવો જોઈએ. કારણ સાવચેતી એ જ સલામતી.

પાંચ દિવસના વિધાનસભા સત્રમાં બે દિવસ બબ્બે બેઠકો યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૧૮મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા વિધાનસભાના અંદાજપત્ર સત્રનો પ્રારંભ રાજ્યના રાજ્યપાલશ્રીના સંબોધનથી થશે.

વિધાનસભાના આ અંદાજપત્ર સત્રમાં સરકારે લેખાનુદાન અંદાજપત્ર રજુ કરી જુન મહિના સુધીના ખર્ચની મંજૂરી મેળવશે.

પાંચ દિવસ ચાલનારા આ ટુંકા સત્ર દરમ્યાન ૧૯મીએ ૨૦૧૮-૧૯ના વર્ષ માટેના પૂરક ખર્ચ-પત્રકની રજુઆત કર્યા બાદ ૨૦૧૯-૨૦ માટેના અંદાજપત્રની રજુઆત કરશે. આ સત્ર દરમ્યાન સરકાર સાત જેટલા સરકારી વિધેયકો રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે.

પાંચ દિવસના આ ટુંકા સત્ર દરમ્યાન ૨૦ ફેબ્રુઆરી અને ૨૧ ફેબ્રુઆરીએ બે બેઠકોનું આયોજન કરવામાં આવ્યુ છે. ૨૦મીએ બે બેઠક દરમ્યાન રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર માનતો પ્રસ્તાવ પર ચર્ચા કરી અને તેને પસાર કરવામાં આવશે.

વિધાનસભા સચિવાલય દ્વારા આ ટુંકા સત્રને લઈ જાહેર કરાયેલ કલેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણે ૨૧મી ફેબ્રુઆરીની બે બેઠક દરમ્યાન પહેલી બેઠકમાં પૂરક માંગણીઓ મંજૂર કરવામાં આવશે. જ્યારે બીજી બેઠકમાં લેખાનુદાન અંદાજપત્રને મંજૂરી આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર એલ.આઈ.બી. પી.એસ.આઈ.ને બંદોબસ્તની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાયા

એલ.સી.બી.ના હે.કો.ને પણ આરોપીઓને પકડી પાડવાની કામગીરી બદલ સન્માન અપાયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લા પોલીસના એલ.આઈ.બી. અને એલ.સી.બી.ના બે પોલીસ કર્મીને કલેકટર દ્વારા સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બંને પોલીસ કર્મીને પોતાની શ્રેષ્ઠ કામગીરી માટે આ સન્માન અપાયું હતું.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ હતી.જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

● અનુસંધાન પાન-૭ પર

પ્રજાસત્તાક પર્વ - રામકથા મેદાન ખાતે ઉજવાયેલા પ્રજાસત્તાક પર્વમાં શહેર-જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓએ શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી... રાષ્ટ્રીય એકતાના થીમ પર યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણનું ઉભું કર્યુ હતું.... નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ અને આમંત્રિત મહેમાનો સહિત સૌ પ્રેક્ષકોએ વિદ્યાર્થીઓની પ્રસ્તુતિને એકી અવાજે બિરદાવી હતી...

શાળા-આરોગ્યની ચકાસણી કામગીરીનું ક્રોસ વેરિફેકેશન

ગાંધીનગર, તા. ૨૭

આરોગ્ય વિભાગના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળા-આરોગ્ય કાર્યક્રમની ચકાસણી માટે એક ટીમ ગાંધીનગર આવી હતી.

આ ટીમે શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમની તપાસ સુઘડ ખાતે કરી હતી. આ ટીમે ચાલી રહેલ કાર્યક્રમની ચકાસણીને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩ લાખ ૨૧ હજારથી વધુ બાળકોની ચકાસણી કરવામાં આવનાર છે. અત્યાર સુધીમાં ૨.૫૦ લાખ જેટલા બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે અને હવે અંતિમ ચરણમાં આ કાર્યક્રમ પહોંચ્યો છે.

જિલ્લામાં ચાલી રહેલ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું ક્રોસ વેરિફેકેશન રાજ્યની આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ માટે બે અધિકારીઓની ટીમ આવી હતી.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમ્યાન ગંભીર બિમારીમાં સપડાયેલા બાળકોની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. જિલ્લામાં દાંત, આંખ તેમજ પેટના દર્દ ધરાવતા બાળકોની સંખ્યા વધુ મળી આવી છે.

આ ચકાસણી દરમ્યાન સંદર્ભ સેવા પાત્ર બાળકોને જિલ્લાના નિષ્ણાત તબીબોની ટીમ ચકાસે છે અને બાળકોની સારવાર કરે છે. જે નોંધનીય છે.

કૃષિ ઈનપુટ સહાયની ચુકવણી પ્રક્રિયા એકાદ-બે દિવસમાં આરંભાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કૃષિ ઈનપુટ સહાયની ચુકવણીની કામગીરી એકાદ દિવસમાં શરૂ થઈ જશે. આ માટેની તમામ વહીવટીય પ્રક્રિયા સંપન્ન થઈ જવા પામી છે.

રાજ્યમાં ૪૫૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ થયો છે તેવા ૪૫ તાલુકાઓમાં નોંધાયેલા વરસાદના પ્રમાણમાં સહાય આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. જિલ્લામાં આ માટે સહાય મેળવવા માટે ખેડૂતો પાસેથી અરજીઓ માંગવામાં આવી હતી.

સરકારના અંદાજ કરતાં ઓછી અરજીઓ મળી છે. ગાંધીનગર જિલ્લામાં ત્રણ તાલુકામાં કલોલ, માણસા અને ગાંધીનગરમાં ૪૫૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ નોંધાયો હતો. આ ત્રણ તાલુકામાં એક લાખ કરતાં વધુ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. સરકારે બે હેક્ટરની મર્યાદામાં આ સહાય ચુકવવાનો નિર્ણય કર્યો છે જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ત્રણેય તાલુકામાંથી અત્યાર સુધીમાં ૪૮ હજાર જેટલી અરજીઓ તંત્રને મળી છે. આ પૈકી ૨૦ હજારથી વધુ અરજીઓની ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે અને આ ખેડૂતોને આગામી એકાદ-બે દિવસમાં તેના બેંક ખાતામાંઓમાં સીધી રકમ જમા કરાવી દેવામાં આવશે. આ માટેની તંત્ર દ્વારા તૈયારીઓ પણ થઈ ગઈ હોવાની વિગતો જાણવા મળેલ છે.

જિલ્લામાં સંયુક્ત ખેડૂત ખાતેદારોની સંખ્યા વધુ હોવાથી અરજીઓ થોડીક ઓછી મળી છે. આ ખાતેદારોની સંખ્યા ૬૦ હજારથી વધુ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૩૧મી જાન્યુઆરી સુધી આ માટેની અરજીઓ સ્વીકારવામાં આવનાર છે.

જિલ્લાને આ સહાય માટે રૂ. ૫૩ કરોડની ફાળવણી કરતા હુકમો પણ સરકારે કરી દીધા છે જે નોંધનીય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

નવમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮
સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦
સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ
બંધ કરી આંખ અને દર્શન કરીએ, ઝુકાવી પાપણ તમને નમન કરીએ, નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી, સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય, ક્યાં જઈશું, કોને કહીશું, અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી આંખોના અશ્રુ વહ્યા કરે છે. અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
લિ. સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)
રોનક, રોહન (પૌત્રો)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com